# right to education






Efforts by

**Jan Adhikar Manch**

• PARWAAJ • AMAN SAMUDAY •
• SAHYOG • NISWAN • JANVIKAS •
• VIKAS TRUST

Supported By :
actionaid

# આર.ટી.ઈ. :
# બાળકો માટે મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ- ૨૦૦૯

(મહત્ત્વના મુદ્દાઓની જાણકારી માટે ઝડપી પ્રશ્નોતરી પુસ્તિકા)

શૈક્ષણિક હેતુ માટે


નકલ : ૧૦૦૦

પ્રકાશક : જનવિકાસ
સી-૧૦૫-૧૦૬, રોયલ ચિન્મય ટાવર, સીમંધર ટાવરની બાજુમાં,
જજીસ બંગલો રોડ, બોડકદેવ, વસ્ત્રાપુર, અમદાવાદ.

સહયોગ : એકશન એડ



સંકલન : જાનીસાર શેખ



મુદ્દ્રક : દેવાંશી ઓફસેટ
૯૮૨૫૩૧૬૦૩૧
devanshi.offset@gmail.com

# આર.ટી.ઈ.
# બાળકો માટે મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ- ૨૦૦૯

**પ્ર-૧ શિક્ષણનો અધિકાર કાયદો ૨૦૦૯ નું નામ શું છે ?**

જ-૧ ''બાળકો માટે મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ- ૨૦૦૯''

**પ્ર-૨ બાળકોની વ્યાખ્યા શું છે ? (કાયદા અન્વયે)**

જ-૨ ૬ થી ૧૪ વર્ષના વય જૂથના તમામ બાળકો અને ૧ થી ૮ ધોરણમાં ભણતા બાળકો

**પ્ર-૩ મફત એટલે શું ?**

જ-૩ ગણવેશ, પુસ્તકો, શિષ્યવૃતિ તો ખરીજ પરંતુ મફતનો બીજો અર્થ એ થાય કે બાળકને શાળામાં આવતા અવરોધતા પરિબળોને દૂર કરવા જે કંઈ પણ પગલાં લેવા પડે તેને મફતની વ્યાખ્યામાં લીધેલ છે.

**પ્ર-૪ ફરજીયાત એટલે શું ?**

જ-૪ ૬ થી ૧૪ વર્ષના બધાં જ બાળકોને ફરજીયાત શિક્ષણ પૂરું પાડવું જે રાજ્ય સરકાર, કેન્દ્ર સરકારની જવાબદારી છે. ''ફરજીયાત શબ્દ સરકાર માટેનો છે.''

**પ્ર-૫ ધો.૧ થી ૫ સુધીની શાળાનું અંતર કેટલું હોવું જોઈએ ? અને બાળકોના પ્રમાણમાં શિક્ષકોની સંખ્યા કેટલી હોવી જોઈએ ?**

જ-૫ ધો. ૧ થી ૫ સુધીની શાળાનું અંતર ''૧ કિ.મી.'' (વધારેમાં વધારે) હોવું જોઈએ.

બાળકોના પ્રમાણમાં શિક્ષકોની સંખ્યા :

| | | |
|---|---|---|
| ૬૦ બાળકો | - | ૨ શિક્ષકો |
| ૬૧ થી ૯૦ બાળકો | - | ૩ શિક્ષકો |
| ૯૧ થી ૧૨૦ બાળકો | - | ૪ શિક્ષકો |
| ૧૨૦ થી ૧૫૦ બાળકો | - | ૫ શિક્ષકો |

(૧૫૦ થી વધારે બાળકો હોય તો એક મુખ્ય શિક્ષક)

(બાળકો અને શિક્ષક રેશીયો ૪૦ થી વધવો જોઈએ નહીં)

**પ્ર-૬ ધો. ૬ થી ૮ સુધીની શાળાનું અંતર કેટલું હોવું જોઈએ ?**

જ-૬ ધો. ૬ થી ૮ સુધીની શાળાનું અંતર વધારેમાં વધારે ૩ કિ.મી.ના અંતરે હોવું જોઈએ.

**પ્ર-૭ ધો. ૬ થી ૮ના બાળકોના પ્રમાણમાં શિક્ષકોની સંખ્યા કેટલી હોવી જોઈએ ?**

જ-૭ ધો. ૬ થી ૮ સુધી ૩૫ વિદ્યાર્થીએ ૧ શિક્ષક. વિષયના ઓછામાં ઓછા ૩ શિક્ષકો જેમાં વિજ્ઞાન અને ગણિત માટે ૧ શિક્ષક, ભાષા માટે ૧ શિક્ષક અને સામાજીક વિજ્ઞાન માટે ૧ શિક્ષક હોવા જોઈએ.

**પ્ર-૮ ધો. ૧ થી ૫ માં શૈક્ષણિક વર્ષમાં કામકાજના દિવસ અને કલાક કેટલાં હોય છે ?**

જ-૮

| | | |
|---|---|---|
| ધો. ૧ થી ૫ માં કામકાજના દિવસો | - | ૨૦૦ |
| શૈક્ષણિક કલાક | - | ૮૦૦ (ભણાવવાના) |
| સોમવાર થી શુક્રવાર | - | ૮ કલાક |
| શનિવાર | - | ૫ કલાક |

**પ્ર-૯ ધો. ૬ થી ૮માં શૈક્ષણિક વર્ષમાં કામકાજના દિવસ અને કલાક કેટલાં હોય છે ?**

જ-૯

| | | |
|---|---|---|
| ધો. ૬ થી ૮માં કામકાજના દિવસો | - | ૨૨૦ |
| શૈક્ષણિક કલાક | - | ૧૦૦૦ (ભણાવવાના) |

**પ્ર-૧૦ કોઈપણ શિક્ષક બાળકને શારીરિક કે માનસિક શિક્ષા આપી શકે ?**

જ-૧૦ ''ના'' કલમ૧૭ (૧), કલમ૧૭ (૨) અને કલમ૩૮-૨૦૦૯ મુજબ કોઈપણ શિક્ષકને બાળકને શારીરિક કે માનસિક શિક્ષા નહીં આપી શકે.

**પ્ર-૧૧ શાળામાં દાખલ થયેલ વિદ્યાર્થીને શાળામાં કોઈપણ ધોરણમાં નાપાસ કરી શકે ?**

જ-૧૧ ''ના'' કલમ૧૬ અને કલમ૩૮ મુજબ શાળા વિદ્યાર્થીને કોઈપણ ધોરણમાં નાપાસ કરી શકશે નહીં.

**પ્ર-૧૨ કોઈ પણ સરકારી કે ખાનગી શાળામાં બાળકોને પ્રવેશ આપવા માટે કેપીટેશન ફી કે ઈન્ટરવ્યુ લઈ શકે ?**

જ-૧૨ ''ના'' કલમ૧૩(૧) અને કલમ૩૮ મુજબ સરકારી કે ખાનગી શાળામાં બાળકોને પ્રવેશ આપવા માટે કેપીટેશન ફી કે ઈન્ટરવ્યુ લઈ શકાશે નહીં.

**પ્ર-૧૩ આર.ટી.ઈ. ૨૦૦૯ અન્વયે શિક્ષકો શિક્ષણ સિવાયના બીજા ક્યાં કામો કરી શકશે ?**

જ-૧૩ (૧) વસ્તી ગણતરી (૨) ચૂંટણીને લગતું કામ
(ગુજરાત સરકાર દ્વારા આપત્તિ સમયે રાહત કાર્ય પણ જોડેલ છે)

**પ્ર-૧૪ આર.ટી.ઈ.૨૦૦૯ના કાયદા અન્વયે સામાજીક અને આર્થિક રીતે પછાત બાળકો માટે ખાનગી શાળામાં મફતમાં ભણવા માટે કેટલાં ટકા અનામતની જોગવાઈ કરવામાં આવેલ છે ?**

જ-૧૪ ૨૫%

**પ્ર-૧૫ ઉંમરના પૂરાવાના અભાવે શાળા બાળકને પ્રવેશ માટે ના પાડી શકે ?**

જ-૧૫ ''ના'' ઉંમરના પૂરવાના અભાવે શાળા બાળકને પ્રવેશ માટે ના પાડી શકશે નહીં.

**પ્ર-૧૬ શાળામાં દાખલ પ્રવશે ક્યાં સુધી લંબાવાશે ?**

જ-૧૬ શૈક્ષણિક સત્ર શરુ થયાના ૬ માસ સુધી લંબાવી શકાશે.

**પ્ર-૧૭ શાળા પાસે કઈ કઈ માળખાકીય સુવિધાઓ હોવી જોઈએ ?**

જ-૧૭
(૧) દરેક શિક્ષક માટે ઓછામાં ઓછા એક વર્ગખંડ, કાર્યાલય
(૨) બાળકોનો અવરોધ મુક્ત પ્રવેશ.
(૩) છોકરા અને છોકરીઓ માટે અલગ અલગ સંડાસ, બાથરૂમ (સેનીટેશન).
(૪) બધા બાળકો માટે સલામત અને સ્વચ્છ પીવાના પાણીની સગવડ.
(૫) મધ્યાહન ભોજન રસોડું
(૬) રમત ગમતનું મેદાન
(૭) શાળાના મકાનના રક્ષણ માટે હદ. (કમ્પાઉન્ડ વોલ)
(૮) પુસ્તકાલય
(૯) વર્ગની જરૂર મુજબ રમત-ગમતાનાં સાધનો.

**પ્ર-૧૮ શાળા વ્યવસ્થાપન સમિતીમાં કેટલા સભ્યો હોય છે ? ક્યાં ક્યાં ?**

જ-૧૮ શાળા વ્યવસ્થાપન સમિતીમાં કુલ ૧૨ સભ્યો હશે. જેમાં ૭૫% વાલીઓ એટલે શાળામાં ભણતા બાળકોના વાલીઓની સંખ્યા ''૯'' રહેશે અને બાકી

- ❖ ૧ ચૂંટાયેલો સભ્ય (સ્થાનિક સભાતંત્ર).
- ❖ ૧ શિક્ષક (શિક્ષકોમાંથી નક્કી કરાશે).
- ❖ ૧ સ્થાનિક શાળામાં ભણતો બાળક અથવા શિક્ષણ પર કામ કરવાવાળો વ્યક્તિ (વાલીઓ ચૂંટશે)
- ❖ ૧ સ્થાનિક કડીયો - નિયુક્તિ શાળાના અધ્યક્ષે કરવાની રહેશે.
- ❖ કમીટીમાં ૫૦% મહિલા સભ્યો રહેશે. જ્યાં શાળાના આચાર્ય ન હોય ત્યાં શ્રેયાન શિક્ષક શાળા વ્યવસ્થાપન સમિતીના સભ્ય સચિવ રહેશે.

**પ્ર-૧૯ એસ.એમ.સી.ની વય મર્યાદા કેટલી છે ?**

જ-૧૯ એસ.એમ.સી.ની વય મર્યાદા ''૨''વર્ષની રહેશે.

**પ્ર-૨૦ એસ.એમ.સી. ના સભ્યોની ફરજો અને સત્તાઓ કઈ કઈ છે ?**

જ-૨૦
(૧) શાળાની કામગીરી ઉપર દેખરેખ નિયંત્રણ રાખશે. (શાળામાં બાળકો અને શિક્ષકોની હાજરી, શિક્ષકોની મુંઝવણનો ઉકેલ.

(૨) શાળાની વિકાસ યોજના કરી ભલામણ કરશે. (ભૌતિક સુવિધા, શાળાનું રંગરોગાન, રીપેરીંગ, લાયબ્રેરી)

(૩) રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક સત્તા તંત્ર અથવા બીજા કોઈ સ્રોતમાંથી મળેલ ગ્રાન્ટનો ઉપયોગ/વપરાશ ઉપર દેખરેખ અને નિયત્રંણ.

(૪) શિક્ષણ અધિકાર કાયદા મુજબ શાળાનો સમય અને ભણાવવાના કલાક છે તેને સુનિશ્ચિત કરશે તેમજ એસ.એમ.સી.ની બેઠકમાં શૈક્ષણિક કાર્ય, અભ્યાસ ક્રમ વગેરે મુદ્દાઓ પર ચર્ચા કરશે.

(૫) શિક્ષકોને બિનશૈક્ષણિક ફરજોમાં ચૂંટણી તેમજ વસ્તી ગણતરી જેવા કાર્યો સિવાય બીજા કાર્યો સોંપવામાં આવે નહિં તે માટે નિયંત્રણ અને દેખરેખ રાખશે.

(૬) શાળાના નજીકના વિસ્તારના તમામ બાળકોના નામાંકન અને નિયમિત હાજરી સુનિશ્ચિત કરશે.

(૭) બાળકો માટે મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯માં નિર્દિષ્ઠ શાળા માટેના ધારા ધોરણો, માપદંડ જળવાય તે માટે દેખરેખ અને નિયત્રંણ રાખશે.

જેમકે, બાળકો સામે શિક્ષકોની સંખ્યા, વર્ગખંડો, છોકરા-છોકરી માટે અલગ શૌચાલય, ભાષાના શિક્ષકો, પીવાનું પાણી, મેદાન, પુસ્તકાલયની સુવિધા, શિક્ષકોના કામકાજના કલાકો.

(૮) જે બાળકો ક્યારેય શાળાએ ગયા નથી અથવા તો અધ્ધવચ્ચેથી ભણવાનું છોડી દીધેલ હોય તેવા બાળકોને તેમની ઉંમર મુજબના ધોરણ પ્રવેશ આપવાની વ્યવસ્થા કરવી. આવા બાળકોને શાળામાં આવવા માટે રસ જગાવવા સ્પેશિયલ ટ્રેનીંગ પ્રોગ્રામ અંતર્ગત વર્ગનું આયોજન કરવું.

(૯) વિકલાંગ બાળકોની ઓળખ અને તેના નામાંકન તથા ભણવા માટેની સવલતો બાબત દેખરેખ નિયંત્રણ રાખવું અને તેઓ પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરે તે માટે તેમની ભાગીદારી સુનિશ્ચિત કરવી. (દા.ત. આંખની ખામી હોય તો ચશ્મા, ચાલી ન શકતા હોય તો વ્હીલચેર, શાળામાં રેમ્પની વ્યવસ્થા હોવી જોઈએ. જેથી તેઓ સહેલાઈથી પ્રવેશ કરી શકે)

(૧૦) મધ્યાહન ભોજન યોજનાની અમલવારી પર દેખરેખ અને નિયંત્રણ રાખવું. (તાજું તેમજ ગરમ ભોજન, ભોજન સામગ્રી પોષક અને ગુણવત્તાયુક્ત, ભોજન લેતાં બાળકોની સંખ્યા, ભોજનનું ટેસ્ટીંગ, કોઈપણ પ્રકારનો ભેદભાવ ન હોવો જોઈએ.)

(૧૧) શાળાના આવક ખર્ચના વાર્ષિક હિસાબો તૈયાર કરવા.

(૧૨) ગ્રામસભામાં એસ.એમ.સી.ના આવક અને ખર્ચની માહિતી અને શાળાની પ્રવૃત્તિઓનો અહેવાલ રજુ કરવો.

(૧૩) બાળકોને શાળામાં કોઈપણ પ્રકારની શારીરિક કે માનસિક કનડગત ન થાય તેનો ખાસ ખ્યાલ રાખવો.

(૧૪) શાળામાં આવતા બાળકોના વિસ્તારોમાં લોકોને સરળ રીતે બાળકોને જે અધિકારો મળ્યા છે તેની સમજણ આપશે, તથા રાજ્ય સરકાર, સ્થાનિક સત્તા તંત્ર, શાળા, માતા-પિતા અને વાલીઓની ફરજ અંગેની સમજણ આપશે.

**પ્ર-૨૧ શાળા વિકાસ યોજના એટલે શું ? તેમાં કંઈ કંઈ બાબતોનો સમાવેશ કરી શકાય ?**

જ-૨૧ શાળા વિકાસ યોજના એટલે શાળાને આગામી સમયમાં જે કાર્યો કરવાના છે તેનું આયોજન કરવું.

- ❖ શાળાની ભૌતિક સુવિધાનું આયોજન કરવું.
  જેમકે, ઓરડાનું બાંધકામ, રીપેરીંગ કે રંગરોગાનનું કામ, પુસ્તકાલય અને શાળાને લગતી અન્ય જરૂરિયાતો.
- ❖ શાળાની આગામી વર્ષમાં કંઈ પ્રવૃત્તિ કંઈ રીતે કરવાની છે તેનું આયોજન કરવું. દા.ત. શિક્ષણ દિન, ૧૫મી ઓગસ્ટ, ૨૬મી જાન્યુઆરી.

**પ્ર-૨૨ શાળા વિકાસ યોજનામાં કંઈ બાબત ખાસ ધ્યાન રાખવી ?**

જ-૨૨ શાળા વિકાસ યોજનામાં આપણે જે આયોજન કરવાનું છે તે આપણી પહેલી પ્રાથમિકતાના આધારે કરવું અને આપણી પ્રાથમિકતાના આધારે અગ્રતા આપવી.

**પ્ર-૨૩ શાળા/શિક્ષકો બાળકો પાસે કોઈ પણ કાર્ય કરાવી શકે ?**

જ-૨૩ "ના" શાળા/શિક્ષકો બાળકો પાસે કોઈ પણ કાર્ય કરાવી શકશે નહિં

**પ્ર-૨૪ મધ્યાહન ભોજન અન્વયે બાળકોને કેટલો ખોરાક મળવો જોઈએ ?**

જ-૨૪ સરકારશ્રીના ૧૫-૧૨-૨૦૧૧ના ઠરાવ દ્વારા વર્ષ ૨૦૧૧-૧૨માં વિદ્યાર્થી દીઠ દૈનિક ખાદ્ય સામગ્રી નીચે મુજબ છે.

| **ખાદ્ય પદાર્થો** | **૧ થી ૫ ધોરણ** | **૬ થી ૭ ધોરણ** |
|---|---|---|
| અનાજ (ચોખા) | ૧૦૦ ગ્રામ | ૧૫૦ ગ્રામ |
| કઠોળ | ૧૦ ગ્રામ | ૧૫ ગ્રામ |
| શાકભાજી | ૫૦ ગ્રામ | ૭૫ ગ્રામ |
| મરી મસાલા, બળતણ | જરૂરીયાત મુજબ | જરૂરીયાત મુજબ |
| તેલ | ૧૦ ગ્રામ | ૧૦ ગ્રામ |
| ઘઉનો લોટ(ફોર્ટીફાઈડ લોટ) | - | - |
| ન્યુટ્રી કેન્ડી | - | - |

શૈક્ષણિક વર્ષ દરમિયાન ધો. ૧ થી ૫ માટે કામકાજના ૨૦૦ દિવસ અને વર્ષ દીઠ ઓછામાં ઓછા ૮૦૦ કલાક શૈક્ષણિક કામગીરી કરવાની રહેશે.

શૈક્ષણિક વર્ષ દરમિયાન ધો. ૬ થી ૮ માટે કામકાજના ૨૨૦ દિવસ અને વર્ષ દીઠ ઓછામાં ઓછા ૧૦૦૦ કલાક શૈક્ષણિક કાર્ય કરવાનું રહેશે.

શાળા કક્ષાએ શાળા વ્યવસ્થાપન સમિતિ (સ્કુલ મેનેજમેન્ટ કમિટી)ની રચના કરવી.

શાળામાં દાખલ કરેલ કોઈ પણ બાળકને પ્રારંભિક શિક્ષણ પુરું થતા સુધીમાં કોઈ પણ ધોરણમાં રોકી શકાશે નહીં અથવા કાઢી મૂકી શકાશે નહીં.

કોઈ પણ બાળકને શારીરિક શિક્ષા અથવા માનસિક કનડગત કે ત્રાસ આપી શકાશે નહીં.

કોઈ પણ શિક્ષક ખાનગી ટ્યુશન અથવા ખાનગી શિક્ષણની પ્રવૃત્તિ કરી શકશે નહીં.

કોઈ પણ શાળા અથવા વ્યક્તિ શાળામાં બાળકને દાખલ કરતી વખતે કોઈ પણ પ્રકારની કેપીટેશન ફી વસુલ કરશે નહીં અને શાળામાં પ્રવેશ માટે બાળક અથવા તેના માતા-પિતા/વાલીને તપાસ કે ઈન્ટરવ્યુમાંથી પસાર કરશે નહીં.